જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૪/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી ૨૮૨ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૨ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૮૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૬૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ ની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૬૫/૧૬**

**કાગડાપીઠ** : સોનલ ઉર્ફે હેતલબહેન કિશોરભાઇ સોલંકી (ઉ.વ.૧૬)(રહે.ગરીબનગરનાં છાપરા, બળીયાદેવ મંદિર પાસે, બહેરામપુરા) ને તા.૨૮/૩/૧૬ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી હિરો વસંજી મારવાડી (રહે.પાયલ પાર્ટી પ્લોટ, જશોદાનગર) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સોનલ ઉર્ફે હેતલબહેનની માતા ગંગાબહેન સોલંકીએ તા.૯/૪/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**વટવા** : કિંજલબહેન કિશનભાઇ ચુનારા (ઉ.વ.૧૭)(રહે.શ્યામપ્રસાદ મુખર્જી ભવન, ચાર માળીયા, વટવા) ને તા.૨૩/૩/૧૬ રાતનાં ૧૨/૦૦ થી સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી ફૈજલ ફિરોજખાન પઠાણ (રહે.મીમનગર ગજાલા ફાર્મ હાઉસનાં છાપરાં, ફતેવાડી કેનાલ રોડ, જુહાપુરા) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ કિંજલબહેનની માતા સીતાબહેન ચુનારાએ તા.૯/૪/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.ડી.ગોહીલ ચલાવે છે.

**દરીયાપુર** : સંજયભાઇ હર્ષદભાઇ ભાવસાર (રહે.સેક્ટર-૨૭/બી, ગાંધીનગર)એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૪/૧૬ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે સેક્ટર-૧, નિર્ણયનગર ખાતેથી પોતાની પુત્રી ઝીલ (ઉ.વ.૧૩) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>બળાત્કાર/સૃષ્ટી વિરૂધ્ધનાં કૃત્યની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૬/૧૬</u>**

**દરીયાપુર** : દરીયાપુર વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની પરણીત મહિલાએ તા.૯/૪/૧૬ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૨ લગ્નનાં છ મહિના બાદથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન પરણીતાને તેનાં પતિ, સાસુ-સસરા, જેઠ-જેઠાણી અને નણંદે શારીરીક-માનશીક ત્રાસ આપી, મારઝુડ કરી ઘરમાં કાઢી મુકી, તેમજ પતિ મોઇનખાન અબ્દુલરસીદખાન પઠાણે પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી પરણીતા સાથે શરીર સબંધ બાંધી, સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્યુ કર્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૬૭/૧૬**

**મણીનગર** : પદમારામ ચેનારામ ખત્રી (રહે,તક્ષશીલા કોલોની, જુની આરાધના સ્કુલ પાસે, મણીનગર) એ તા.૯/૪/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૩/૧૬ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે મણીનગર એલ.જી.કોર્નર જગાભાઇ પાર્ક પાસે આવેલ યુનિયન બેંકની સામે રોડ ઉપર પોતાની કારનાં દરવાજાનો કાચ ખખડાવી એક અજાણ્યો પુરૂષ (૫૦ વર્ષના આશરાનો) “તમારા પૈસા નીચે પડી ગયા છે” તેમ કહી પદમારામની નજર ચુકવી અજાણ્યા પુરૂષનો બીજો સાગરીત કારની ડ્રાઇવર સીટની બાજુની સીટ ઉપર મુકેલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો સાથેની બેગની ચોરી કરી પલાયન થઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**વાડજ** :- રાકેશભાઇ દશરથભાઇ પટેલ (રહે.સાંકેત એપાર્ટમેન્ટ, જી.એસ.ટી.ફાટક પાસે, રાણીપ) એ તા.૯/૪/૧૬ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૧/૧૫ થી તા.૨૩/૧૨/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન નવા વાડજ, ભીમજીપુરા ચાર રસ્તા, વેલેક્ષ લોજીસ્ટીક પ્રા.લી. નામની રાકેશભાઇની દુકાનમાં કામ કરતો આરોપી રાજેશ જશરાજ યાદવ (રહે.રણમુકેતેશ્ર્વર ગૌશાળાની બાજુમાં, સારાભાઇ ફાર્મ, સરદારનગર) દુકાનમાંથી મોબાઇલ ફોન, લેડીઝ ડ્રેસ, સાડી, ઘડીયાળ, મેમેરી કાર્ડ, ગોગલ્સ, ઇમીટેશન જ્વેલરી વિગેરે માલસામાન મળી કુલ કિંમત રૂપિયા ૬૪,૫૧૮/-મતાની ચોરી કરી લઈ ગયો છે.આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરપાલસિંહ અજીતસિંહ ચલાવે છે

**<u>વાહનચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૬૮/૧૬</u>**

**ચાંદખેડા** : ઉપેન્દ્રભાઇ ક્રિષ્ણકાંતભાઇ પાંડે (રહે.ન્યુ પરિમલ સોસાયટી, શારદા પેટ્રોલપંપની પાછળ, ચાંદખેડા) એ તા.૮/૪/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૩/૧૬ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઝુંડાલ સર્કલ પાસે આવેલ ચાંદખેડા સર્વિસ રોડ ઉપર ગેરેજની બાજુમાં પોતાની ટાટા વલ્કર ગાડી (ટેન્કર) નંબર જીજે.૧૨.ડબલ્યુ.૮૩૫૯ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૦/૩/૧૬ બપોરનાં ૨/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૬૯/૧૬**

**"જી" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન** : રોહિતસિંહ દલપતસિંહ ગોહિલ (રહે.જયશંકર સોસાયટી, ઠક્કરનગર) એ તા.૧૦/૪/૧૬ નારોજ "જી" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૪/૧૬ ના કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે ઠક્કરનગર બસ સ્ટેન્ડ આગળ ચાર રસ્તા વચ્ચેથી પોતાના પિતા દલપતસિંહ ગોહિલ (ઉ.વ.૭૦) ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા ટુ-વ્હીલ ચાલકે પોતાનુ વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી દલપતસિંહને ટક્કર મારતાં, રોડ ઉપર પડી જતાં, શરીરે ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૯/૪/૧૬ રાતનાં ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ચૌધરી ચલાવે છે.

**હોસ્પીટલનાં બાથરૂમમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૭૦/૧૬**

**એલીસબ્રીજ** : ચંદ્રકાંતભાઇ પન્નાલાલ સોલંકી (ઉ.વ.૪૫) (રહે.હીરાઘરનો અખાડો, બીજી ટાવરની બાજુમાં, દુધેશ્વર રોડ) તા.૯/૪/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વા.સા.હોસ્પીટલના સાઇક્ટીક વોર્ડનાં બાથરૂમમાં પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલનાં ટ્રોમા વોર્ડમાં લાવતાં, ફરજ પરનાં ડૉ.શ્રીએ બપોરનાં ૪/૦૫ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૭૧/૧૬**

**દરીયાપુર** : તયબા મોહમદઅસરફ મુનશી (ઉ.વ.૧૭)(રહે.સુપર રોયલ ફ્લેટ, ડબગરવાડ દરીયાપુર) ની ધોરણ-૧૨ કોમર્સની પરીક્ષાનાં પેપરો ખરાબ ગયેલ હોઇ, તા.૯/૪/૧૬ બપોરના ૧૨/૨૫ વાગ્યાના સુમારે પોતાનાં ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)